# (૧) સવારની માનસી પૂજા કરવાની રીત

પોતાને ત્રણ દેહથી વિલક્ષણ આત્મા રૂપે માની, પોતાનામાં બ્રહ્મ રૂપની ભાવના કરી, સર્વ દિવ્ય પ્રકાશમાન ઉપચારો વડે માનસી પૂજા કરવી. તેમાં પ્રથમ શ્રી હરિ દિવ્ય પલંગ ઉપર પોઢેલા હોય, તેમને જગાડવા માટે વિનયથી પ્રાર્થના કરવી, 'હે દયાળુ, ઉઠવાનો સમય થયો છે.' ત્યાર બાદ નિત્યક્રમની ભાવના કરી સ્નાન કરાવવું.

ઉનાળામાં તથા ચોમાસામાં ટાઢા જળથી પહેલાં મલાપકર્ષ સ્નાન કરાવવું. ત્યાર બાદ દહીં, દૂધ, ઘી, મધ, દળેલી સાકર એ પંચામૃતથી સ્નાન કરાવવું. પછી શુદ્ધ જળથી સ્નાન કરાવી ત્યાર બાદ અત્તર તેલ શ્રી હરિને ચોળીને ચંદન શરીરે ચોળવું. પછી સાધારણ ગરમ ચોખ્ખા પાણીથી સ્નાન કરાવવું. પછી ધોયેલાં વસ્ત્રથી શરીર લૂછી સારું ઝીણું ધાડું ધોયેલું વસ્ત્ર પહેરવા આપવું અને એક ઓઢવા આપવું.

પહેલાં અત્તર તેલ વગેરે ચોળી શિયાળામાં ગરમ જળથી સ્નાન કરાવવું. પછી રેશમીવ સ્ત્રથી શરીર લુછી રેશમી ગરમ અગર સુતરાઉ કપડાં પહેરવાં આપવાં. ત્યાર બાદ સોનાના નંગજડિત કંદોરો, કડા, સાંકળાં, ઝાંઝર, અંગુઠીઓ, વેઢ વગેરે આભૂષણો ભગવાનને પહેરાવવાં . ચોખા ચંદનથી પૂજા કરી ફુલોના હાર તોરા વગેરે ધરાવવાં. ત્યાર બાદ પેંડા, બરફી વગેરે ફરાળી વસ્તુ તથા સાટા, જલેબી, મેસુબ, મોહનથાળ, મગસ વગેરે જમાડી, ઈલાયચી, કેસર વગેરે તેજાના નાખેલું કઢેલું દૂધ ભગવાનને પીવા માટે આપવું. ત્યાર બાદ શ્રી હરિને મોઢું ધોવડાવી, પાણી પાઈ, મુખવાસ આપવો. ત્યાર બાદ શ્રી હરિની પ્રસાદી મુક્તોને જમાડી, મુક્તોને પાણી પાઈ, શ્રી હરિની મંગળા આરતીનાં વસ્ત્રો આદિ ધરાવી શ્રી હરિની આરતી ઉતારીને શ્રી હરિના હેતથી દર્શન કરવાં. પછી ગદ્ગદ્ કંઠે રોમાંચિત ગાત્રથી પ્રેમમગ્ન થઈ પ્રાર્થના કરવી. ત્યાર બાદ અનંતકોટિ મુક્તોને શ્રી હરિ દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન થઈને સર્વને દર્શન આપે છે, એ પ્રમાણે માનસી પૂજા કરવી.

પછી શ્રી હરિએ પીતાંબર પહેરેલું હોય તે કાઢી સુતરાઉ ધોતિયું પહેરાવી જરિયાની વાઘો ધરાવવો, શોભાયમાન સોનેરી શેલું ધરાવવું, તથા માથે રજવાડી પાઘ, શોભાયમાન સાફો, સોનાનો મુગટ કે ઋતુને યોગ્ય ટોપી વગેરે ધરાવવાં. તથા કંઠમાં સોનાનો નંગજડિત ટુંપિયો તથા સોનાની કંઠી, તથા નાના પ્રકારના શોભાયમાન હારો ધારણ કરાવવાં. હાથમાં કડાં, સોનાની પહોંચી, સોનાના પટ્ટાવાળા ઘડિયાળો ધારણ કરાવવાં, તથા ચરણોમાં સોનાના તોડા, ઝાંઝર આદિ ધારણ કરાવવાં. કંઠમાં ગુલાબ, મોગરા, જાઈ, જુઈ, ચમેલી વગેરે સુગંધી પુષ્પોના હારો ધરાવવાં. તોરા, ગજરા, બાજુબંધ ધરાવવાં.

શ્રી હરિને અત્તરનું પૂમડું ધરાવવું. હાથમાં રેશમી રૂમાલ તથા સોનાની છડી ધરાવવી. ભાલમાં ચાંદલા સહિત તિલક કરવું. ઉનાળામાં તથા ચોમાસામાં ભાલમાં ચંદનની અર્ચા કરવી. ત્યાર બાદ ઘણીક વાટો પુરેલી, નંગ તથા હીરાની જડેલી સોનાની આરતીથી શ્રી હરિની આરતી ઉતારવી અને સોનાની ઘંટડી વગાડતાં આરતી કરવી. આરતી ઉતારતી વખતે જાણે શ્રી હરિની મૂર્તિમાંથી દિવ્ય શીતળ શાંત પ્રકાશ નીકળે છે તેવી ભાવના કરવી. અને આરતી ઉતારી રહ્યા બાદ શંખ વડે ત્રણ વખત પાણી ઉતારવું. ત્યાર બાદ શ્રી હરિની ખૂબ જ ગદ્ગદ્ કંઠે તથા રોમાંચિત ગાત્રે પ્રાર્થના કરવી. ત્યાર બાદ પ્રેમથી દર્શન કરવાં. પછી શ્રી હરિને પ્રેમથી એક વખત, બે વખત, જેમ હેતની વૃદ્ધિ થાય તેમ ભટવું. ભટતાં ભટતાં શ્રી હરિની મુર્તિમાં તલ્લીન બની જવું. તેમ કરવાથી પોતાના દેહનું ભાન ભલી જવાય. ત્યાર બાદ સર્વ મુક્તો પણ શ્રી હરિના દર્શન કરવા આવ્યા છે. શ્રી હરિને સુંદર શોભાયમાન પલંગ ઉપર સુદર ગાદી-તકિયો બીછાવીને તેના ઉપર બીરાજમાન કર્યા છે. અને તે શ્રી હરિની ચારે બાજુ અનંતકોટિ મુક્તો તથા સંત હરિભક્તોની સભા ભરાઈને બેઠી છે. અને શ્રી હરિ સર્વને કથા-વાર્તા કરીને, અમૃતનું પાન કરાવીને ખુબ જ સુખીયા કરે છે. અને સર્વ મુક્તો તથા હરિભક્તો શ્રી હરિની ચંદન-પુષ્પ વડે પૂજન કરે છે, એવી રીતે સવારની માનસી પૂજા કરવી.

## (૨) બપોરની માનસી પૂજા કરવાની રીત

ત્યાર બાદ બપોરના જ્યારે જમવાનો વખત થાય અને જ્યારે આપણને અનુકૂળતા હોય ત્યારે સવારે નવથી એક વાગ્યા સુધીમાં બપોરની માનસી પૂજા કરવી. પ્રથમ શ્રી હરિને જમવાને માટે લાડુ, શીરો, માલપુવા, મોહનથાળ, મેસૂર, દૂધપાક, પૂરી, શ્રીખંડ, રસપૂરી, રોટલી આદિ પકવાનો તથા પ્રિય લાગે એવાં સારાં શાક, ભજીયાં, ગાંઠીયા, ચટણી, દાળભાત, અથાણાં, દૂધ, દહીં વગેરે સોનાનાં લોટા, પવાલાં સાથે સોનાના પાટલા ઉપર થાળ મૂકી શ્રીહરિની પ્રાર્થના કરવી : 'હે દયાળુ, જમવા પધારો.' પછી શ્રી હરિ આપણી પ્રાર્થના સાંભળી ને આવે ત્યારે સવારના જે વસ્ત્રો, ઘરેણાં આદિ પહેરાવ્યાં હોય તે ઉતારી નાંખી એક પીતાં બર માત્ર રાખવું. ત્યાર બાદ હાથ ચરણ ધોવડાવી તે હાથ ચરણને રેશમી વસ્ત્રથી લૂછીને કોરાં કરવાં. પછી એક રેશમી વસ્ત્ર શ્રી હરિને ઓઢાડવું. ત્યાર બાદ શ્રી હરિને સોનાના પાટલા ઉપર રેશમી વસ્ત્ર પાથરીને તેના ઉપર બિરાજમાન કરવાં.

શ્રી હરિને લાડુ આદિ પકવાનો, રોટલી, શાક, દાળ, ભાત, ભજીયાં, અથાણા, બહુ જાતની ચટણી, દૂધ, દહીં, આદિ પ્રેમથી જમાડવાં. શ્રી હરિને વિષે અતિશય પ્રેમને લીધે જાણે આપણે શ્રી હરિના મુખમાં કોળિયા આપી જમાડીએ છીએ. ક્યારેક વળી શ્રી હરિ પોતાને હાથે જે પ્રિય લાગે તે પકવાનો જમે છે. એમ પોતાને જેમ હેતની વૃદ્ધિ થાય તેમ જમાડવાં. જમતાં જમતાં શ્રીહરિ વારંવાર વચમાં જલપાન કરે છે, પેટ ઉપર હાથ ફેરવે છે, વગેરે

ભાવના કરી શ્રીહરિની તે તે લીલા સંભારવી. પછી શ્રીહરિ જમી રહ ત્યારે શ્રીહરિના હાથ, મુખારવિંદ ધોવડાવી પવિત્ર રૂમાલથી તે લૂછીને સોનાના કળશ અને પ્યાલાથી પાણી પાવું.

ત્યાર પછી સોપારી, પાન આદિ મુખવાસ આપવો. ત્યાર બાદ શ્રીહરિ સર્વ મક્તોને પ્રસાદી જમાડે છે અને મુક્તો જમી રહ્યા પછી પાણી પી મુખવાસ-વરિયાળી લે છે. પછી શ્રી હરિની રાજભોગ આરતી ઉતારવી. ત્યારબાદ હરિના દર્શન, સ્તુતિ, પ્રાર્થના, કરીને બપોરના શ્રી હરિને પલંગ ઉપર ગાદી-તકિયો બીછાવીને તેના ઉપર બિરાજમાન કરવાં.

બપોરની કથા થાય છે અને સંતો હરિભક્તો કથા સાંભળે છે એમ કરતાં કથાની સમાપ્તિ થાય. ત્યાર પછી એક પલંગ પાથરી તેના ઉપર રશમનું ગાદલું પાથરી, ઓશિકાં, ગાલમશરિયાં આદિ પાથરીને શ્રીહરિને જળપાન કરાવી, તેના ઉપર પોઢાડવાં અને આપણે શ્રીહરિના પગ દાબવાં. એમ કરતાં શ્રીહરિ પોઢી જાય ત્યારે ઋતુને અનુસરી શ્રીહરિને વસ્ત્ર ઓઢાડવું. એવી રીતે બપોરની માનસી પૂજા કરવી.

## (૩) સાંજના ઉત્થાપનની માનસી પૂજા કરવાની રીત

સાંજના ચાર વાગ્યાના સમયમાં જા આપણને અનુકૂળતા હોય તો શ્રીહરિની માનસી પૂજા, દુકાને કે ઓફિસમાં, ખેતરમાં કે વાડીએ, કે બીજે જ્યાં આપણે બેઠા હોઈએ ત્યાં જરાવાર માનસી પૂજા કરવી. તેમાં પ્રથમ ફળ તથા સૂકો મવો સુધારી રાખવો. પાણી આદિ તૈયાર કરી શ્રીહરિની પ્રાર્થના કરી શ્રીહરિને જગાડવા. શ્રીહરિ જાગે ત્યારે મુખારવિંદ, હાથ, ચરણ ધોવડાવીને એક રેશમી લૂગડાથી લૂછી ઋતુ અનુસાર વસ્ત્રો, ઘરેણાં તથા પુષ્પોના હારો ધરાવવાં. શ્રીહરિને ઋતુ અનુસાર જળપાન કરાવવું. પછી ફળ તથા સૂકો મેવો શ્રીહરિને જમવા આપવો. પછી શ્રીહરિના હાથ ધોવડાવીને તે પ્રસાદ શ્રીહરિના સર્વ મુક્તોને આપવો. પછી શ્રીહરિને એક ગાદી-તકિયા સહિત પલંગ ઉપર બિરાજમાન કરવાં. શ્રીહરિ કથા-વાર્તા કરે છે અને સર્વ મુક્તો તેનો લાભ લે છે, એવી રીતે ચાર વાગ્યાની માનસી પૂજા કરવી.

## (૪) સંધ્યાની માનસી પૂજા કરવાની રીત

પ્રથમ ખીચડી, કઢી, પૂરી, શાક, કઢેલું સાકર સાથેનું દૂધ ઈલાયચી નાખી તૈયાર કરી રાખવું. પછી સંધ્યાકાળની આરતી માટે હીરા જડિત સોનાની આરતીમાં દીવેટો મૂકી તૈયાર કરવી. શ્રીહરિની પ્રાર્થના કરી રત્ન જડિત સિંહાસન ઉપર બિરાજમાન કરવાં. પછી શ્રીહરિની અ ારતી કરવી. સુંગધી અગરબત્તો સળગાવવી. શંખમાં પાણી ભરવું. ત્યારબાદ સોનાની ઘંટડી

વગાડી શ્રીહરિની આરતી ઉતારવી. આરતી વખતે અનંતકોટિ મુક્તો તથા અનંતકોટિ દેવો વિમાનોમાં બેસીને ચારે બાજુ દર્શન કરવાં આવેલા છે. ચારે બાજુ પ્રેમથી મુક્તો તથા દેવો દર્શન કરે છે. અને આરતી વખતે શ્રીહરિની દિવ્ય મૂર્તિમાંથી દિવ્ય એવો અંગાઅંગમાંથી શીતળ શાંત પ્રકાશ નીકળે છે. તે પ્રકાશથી સર્વ મુક્તો તથા દેવો અત્યંત પ્રકાશમાન થાય છેઅને મુક્તો તથા દેવો ગદગદ કંઠે શ્રીહરિની પ્રાર્થના કરે છે.

સર્વના અંતરમાં શ્રીહરિની મધુર મૂર્તિના સુખ વડે ભક્તો અતિશય આનંદિત થઇ જાય છે. મુક્તો તથા ભક્તો તે દિવ્ય દર્શનથી પાતાના દેહનું ભાન ભ્લી જાય છે. અને સર્વ અતિશય પ્રાર્થના કરે છે. આરતી ઉતારી શંખથી ત્રણ વખત પાણી ઉતારી પછી શ્રીહરિની પ્રાર્થના કરવી અને દર્શન કરવાં. પછી વિનયથી શ્રીહરિની પ્રાર્થના કરવી, 'હે કૃપાનાથ, જમવા પધારો!' તે શ્રીહરિ આવે એટલે સર્વ ઘરેણાં, વસ્ત્રો આદિ ઉતારવાં અને હાથ, ચરણોને ધોવડાવી એક પીતાંબર પહેરાવવું. અને એક જરીનો સુંદર ખેસ ઓઢાડવો. સોનાના બાજઠ ઉપર શ્રીહરિને બિરાજમાન કરવાં.

ખીચડી, કઢી, પૂરી, શાક, દૂધ, આદિ શ્રીહરિને ધીમે ધીમે જમાડતાં જવું. શ્રીહરિ જમી રહે એટલે હાથ, મુખારવિંદ આદિ પાણીથી ધોવડાવી રેશમી રૂમાલથા લૂછીને કોરા કરવાં. પછી સુવર્ણના પ્યાલા તથા અબખોરા વડે શ્રીહરિને જલપાન કરાવવું. સોપારી, પાનબીડું આદિ મુખવાસ આપવો. શ્રીહરિ સર્વ મુક્તોને પ્રસાદી, પંક્તિ કરીને પ્રેમથી જમાડે છે. સર્વ મુક્તો જમી રહે ત્યારે હાથ, મુખ ધોવડાવી, મુક્તોને પાણી પાઇ, વરિયાળીનો મુખવાસ આપવો. ત્યારબાદ શ્રીહરિએ પોતાની ઉત્તમ પ્રસાદી મને પણ આપી. તેમ પાંચેય વખત શ્રીહરિ આપણને પણ પ્રસાદી આપે છે એવી ભાવના કરવી. આપણે તે પ્રસાદીનું માહાત્મ્ય જાણીને જમવી. તે પ્રસાદીનું માહાત્મ્ય એવું છે કે શ્રીહરિની પ્રસાદી માહાત્મ્ય જાણીને જે જમે છે તેને છ માસ ઉપવાસ કરવાથી જ ફળ થાય તેટલું ફળ મળે છે એમ શાસ્ત્રમાં કહ્યું છે.

તો કોઇને એમ થાય કે જા કોઇ પ્રસાદીનું માહાત્મ્ય સમજીને એકાદશીનો ઉપવાસ ન કરે તો ? શિક્ષાપત્રી ભાષ્યમાં કહેલું છે કે માહાત્મ્ય જ્ઞાનનું અવલંબન લઇને સ્વધર્મરૂપ એકાદશીના ઉપવાસનો ત્યાગ કરવાની પ્રભ્ની આજ્ઞા નથી. તે તો ઉપવાસરૂપ સ્વધર્મનું પાલન કરવું જ જાઇએ. ત્યાર બાદ શ્રીહરિ ગાદી-તકિયા સહિત ઢોલિયા ઉપર બિરાજમાન થઇ કથા-વાર્તા કરે છે અને સર્વ મુક્તોને કથા રૂપી અમૃતનું પાન કરાવે છે એવી ભાવના કરવી.

# (૫) શયનની માનસી પૂજા કરવાની રીત

પછી શ્રીહરિના હાથ, ચરણ આદિ ધોવડાવી શ્રીહરિની શયન આરતીની તૈયારી કરવી. શ્રીહરિને શયન આરતી વખતે જે યોગ્ય હોય તેવાં વસ્ત્રો આદિ ધારણ કરાવી શ્રીહરિને સુવર્ણના હીરાજડિત દિવ્ય સિંહાસન ઉપર બિરાજમાન કરવાં. પછી સુવર્ણની હીરાજડિત આરતી વડે શ્રીહરિની પ્રેમથી આરતી ઉતારવી. સોનાની ઘંટડી વગાડવી. તે આરતી વખતે શ્રીહરિની મૂર્તિમાંથી દિવ્ય પ્રકાશ નીકળે છે એમ ધારવું. તથા અનંતકોટિ મુક્તો તથા અનંતકોટિ દેવો શ્રીહરિના તે વખતે દર્શન કરવાં આવેલા છે અને સર્વ પ્રેમથી દર્શન કરે છે અને આપણે પણ પ્રેમથી દર્શન કરવાં.

આરતી ઉતારીને શંખ વડે ત્રણ વખત જળ ઉતારીને પછી શ્રીહરિની ખૂબ વિનય વડે પ્રાર્થના કરવી. ત્યાર બાદ એક સોનાનો ઢોલિયો બિછાવીને તેના ઉપર ગાદીતકિયો બિછાવીને તે ઉપર શ્રીહરિને બિરાજમાન કરવાં. ચારે બાજુ અનંતકોટિ મુક્તો તથા સંતો હરિભક્તોની સભા ભરાઈને બેઠી છે. કથા થાય છે. શ્રીહરિ સર્વને અમૃત સમાન કથાવાર્તાનું પાન કરાવે છે. આપણે પણ તે કથાનો લાભ લઈએ છીએ. અને પછી કથાની સમાપ્તિ થાય છે, એમ ભાવના કરવી. શ્રીહરિના ચેષ્ટાનાં પદો આદિ બોલાઈ જાય ત્યાર પછી શ્રીહરિને દૂધ તથા જળપાન કરાવવું. દિવ્ય પલંગ પાથરી, તેનાં ઉપર રેશમી ગાદલું પાથરી, રેશમના ઓશીકાં તથા ગાલમશરિયાં પાથરીને તે દિવ્ય પલંગ ઉપર શ્રીહરિને પોઢાડવાં. આપણે શ્રીહરિના ચરણ, હાથ આદિ પ્રેમથી દાબવાં તથા ઉનાળો હોય તો પંખાથી પવન નાખવો. ઉનાળામાં તથા ચોમાસામાં મચ્છરદાની સારી બાંધવી. અને શિયાળામાં શાલદુશાલા તથા રજાઈ ભગવાનને ઓઢવા આપવી. એમ ઋતુને અનુસરી વસ્ત્રો ઓઢાડવાં અને પછી શ્રીહરિ તે પલંગ ઉપર પોઢી ગયા છે, એમ પાંચમી માનસી પૂજા કરવી.